સંબંધો અને સંજોગો ઋતુ જેવો હોય છે... તે બદલાતા રહે છે
- કાકાસાહેબ કાલેલકર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૩૮ | ૨૮ જુલાઇ, ૨૦૧૩, રવિવાર; અષાઢ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# જિલ્લાભરમાં ઝરમર મેઘ

## જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં સરેરાશ દોઢ ઈંચ વરસાદ : સીઝનનો સૌથી વધુ વરસાદ માણસા તાલુકામાં સૌથી ઓછો ગાંધીનગર તાલુકામાં

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરમાં વરસાદી વાયરા સાથે લાંબી મોસમનો નઝારો યથાવત છે. છેલ્લા એક મહીનાથી મેઘરાજા મૂડમાં હોવાથી વરસાદ એકાંતરે દિવસે હાજરી પુરાવી જાય છે. છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં પોણો ઈંચ વરસાદ વરસ્યો હતો. જિલ્લામાં અત્યાર સુધી સીઝનનો મહત્તમ વરસાદ માણસા તાલુકામાં ૫૬૭ મી.મી. અને સૌથી ઓછો ગાંધીનગર તાલુકામાં ૪૫૮ મી.મી. નોંધાયો છે.

પ્રારંભિક ચોમાસા દરમિયાન જૂનના પ્રારંભે મેઘરાજાની તોફાની એન્ટ્રી બાદ વરસાદે લાંબા દિવસો સુધી વિરામ લીધો હતો. જ્યારે જુલાઈ મહીનાના પ્રારંભિક સપ્તાહના અંતે મેઘરાજા મનમુકીને વરસતા શહેરમાં ચોમેર જળબંબાકાર થઈ ગયું હતું. જુલાઈ મહીના દરમિયાન આકાશમાં સતત વરસાદી વાદળો ગોરંભાયેલા રહેતા એકાંતરે દિવસે વરસાદ હાજરી પુરાવી જાય છે. આકાશમાં ઘેરાવો નાંખતા જળ ભરેલા વાદળો ગમે ત્યારે વરસી જતા પળવારમાં જ સેક્ટરોમાં વરસાદી પાણી ભરાઈ જાય છે. સતત વરસાદના લીધે શહેરમાં વરસાદી સમસ્યાઓ પણ સેક્ટરે-સેક્ટરે ડોકીયા કરતી જોવા મળે છે. બીજી તરફ વરસાદના લીધે શહેમરાં ચોમેર હરિયાળી ચાદર પથરાઈ ગઈ હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. જિલ્લામાં સીઝનનો સરેરાશ વરસાદ ૫૧૭ મી.મી. નોંધાયો છે. જેમાં દહેગામ તાલુકામાં ૫૦૪ મી.મી., કલોલમાં ૫૩૯, માણસામાં ૫૬૭ અને ગાંધીનગરમાં ૪૫૮ મી.મી. વરસાદ થયો છે. ચારેય તાલુકામાં સીઝનનો કુલ વરસાદ ૨૦૬૮ મી.મી. થયો છે.

જ્યારે જિલ્લામાં સીઝનનો સરેરાશ વરસાદ ૨૧ ઈંચ થયો છે. શહેરમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૭ મી.મી. વરસાદ નોંધાયો છે. જ્યારે દહેગામ તાલુકામાં ૮૫, કલોલમાં ૩ અને માણસામાં ૩૩ મી.મી. વરસાદ થયો છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ નોંધપાત્ર જોવા મળ્યું છે. સવારે ૯૨ ટકા અને સાંજે ૮૫ ટકા ભેજ રહેતા વરસાદી માહોલ વચ્ચે પણ નાગરિકો બફારાનો અનુભવ કરી રહ્યા છે.

**મોસમનો કુલ વરસાદ**

| | |
|---|---|
| દહેગામ તાલુકો | ૫૦૪ મી.મી. |
| કલોલ | ૫૩૯ |
| માણસા | ૫૬૭ |
| ગાંધીનગર | ૪૫૮ |
| સીઝનનો સરેરાશ | ૫૧૭ મી.મી. |



તસવીર : દિપક જાની



તસવીર : કશ્યપ નિમાવત

ગાંધીનગર શહેર ઉપર વર્ષારાણીએ મન મુકીને નર્તન કર્યું હોય એવું આ મોસમમાં બહુ બન્યું નથી. અલબત્ત, વર્ષારાણીની મહેર આ ધરા ઉપર સારી રહી છે. શનિવારે વર્ષારાણીએ પણ સરકારી કચેરીની જેમ રજા પાળવાનું નક્કી કર્યું હતું, પણ કામના બોજ તળે દબાયેલો કોઈ સરકારી વિભાગ પોતાનું કામકાજ ચાલુ રાખે એમ શહેર અને જિલ્લાના કેટલાક ભાગો ઉપર વર્ષારાણીએ અમી છાંટણાં કર્યા હતા અને હંમેશની જેમ શહેરની સુરત હીલ સ્ટેશનમાં તબદિલ થઈ ગઈ હતી.

# ઈ-ગર્વનન્સમાં ગુજરાત મોખરે

## જુદી જુદી સેવાઓ આપતી કેન્દ્ર સરકારની e.taal વેબ સાઈટનો મહત્તમ ઉપયોગ ગુજરાતે કર્યો : રાજ્યના સાયન્સ અને ટેકનોલોજી વિભાગના સહયોગ અને સંકલનથી ગુજરાતને મોટી ઉપલબ્ધિ પ્રાપ્ત

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત ઈ-ગર્વનન્સ ક્ષેત્રે સમગ્ર દેશમાં મોખરે છે તે ફરી એકવાર સાબિત થયું છે. કેન્દ્ર સરકાર દ્વારા વિકસાવાયેલ **e.taal** વેબસાઈટના ઉપયોગ થકી ઈન્ટરનેટના માધ્યમથી ૪૦૦ જેટલી સેવાઓ ઘેર બેઠા પ્રાપ્ત કરવામાં ગુજરાત અવ્વલ નંબર બન્યું છે. આ વેબસાઈટ થકી સમગ્ર દેશમાં નોંધાયેલ ૩૦ કરોડ ૫૪ લાખ ઈ-ટ્રાન્ઝેકશન્સમાંથી માત્ર ગુજરાતમાં જ ૮ કરોડ ૮૦ લાખ જેટલા ઈ-ટ્રાન્ઝેક્શન નોંધાયા છે. જે સમગ્ર દેશમાં સૌથી વધુ છે.

મિલ્કતનું રજીસ્ટ્રેશન હોય કે ૭/૧૨ના ઉતારા, ઈલેક્ટ્રીક બીલ ભરવું હોય કે અન્ય કોઈ સેવાની માહિતી જોઈતી હોય તે હવે ઈન્ટરનેટ પર ઉપલબ્ધ છે. કેન્દ્ર સરકારના ડીપાર્ટમેન્ટ ઓફ ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી વતી એનઆઈસી દ્વારા વિકસાવવામાં આવેલ **e.taal** એટલે કે **electronic transaltions aggregating & analysis layer** નામની વેબસાઈટ વિકસાવવામાં આવી છે. આ વેબસાઈટની સેવાઓનો પ્રારંભ તા. ૧લી જાન્યુઆરી-૨૦૧૩ થી દેશના ૨૮ રાજ્યો અને ૭ કેન્દ્ર શાસીત પ્રદેશોમાં કરવામાં આવ્યો છે. અત્યાર સુધી આ વેબસાઈટના ઉપયોગથી સમગ્ર દેશમાં ૩૦ કરોડ ૫૪ લાખ ઈ-ટ્રાન્ઝેકશન્સ નોંધવામાં આવ્યા છે. જે પૈકી એકમાત્ર ગુજરાત રાજ્યમાં ૮ કરોડ ૮૦ લાખ જેટલા ઈ-ટ્રાન્ઝેક્શન્સ નોંધવામાં આવ્યા છે. જે સમગ્ર દેશમાં સૌથી વધુ છે. ગુજરાત

● અનુસંધાન પાના - ૭ પર

# ગાંધીનગર જિલ્લાના મુકેશભાઈ પટેલ પરિવારે વધુ પાંચ કિલો સોનાનું દાન કર્યું

## શક્તિપીઠ અંબાજીને અગાઉ અપાયેલ ૧૦ કિલો દાનમાં વધુ ૫ કિલો ઉમેરી કુલ ૧૫ કિલો સોનાનું દાન કરતો પ્રથમ પરિવાર : હજુ પણ વધુ ૧૦ કિલો સોનાનું દાન આપવાનો મનોરથ આગામી દિવસોમાં પૂર્ણ કરવાનો સંકલ્પ

ડીસા / ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના ખોરજ ગામના



વતની અને જાણીતા ઉદ્યોગપતિ મુકેશ કે. પટેલ અને પરિવાર દ્વારા વધુ પાંચ કિલો સોનાનું દાન આજે શક્તિ પીઠ અંબાજી ખાતે કરાયું હતું.

મુકેશભાઈ અને પરિવાર દ્વારા અગાઉ દસ કિલો સોનાનું દાન કરાયું હતું અને આજે વધુ પાંચ કિલો સોનું અપાતા પંદર કિલો સોનાનું દાન મા આદ્યાશક્તિના ચરણોમાં કરાયું હતું. હજુ આગામી દિવસોમાં વધુ ૧૦ કિલો સોનાનું દાન આપવાનો મનોરથ મુકેશભાઈ અને તેમના પરિવારને છે. માની ભક્તિના રંગે રંગાયેલા પરિવારની વિશેષતા એ છે કે દર મહિને એક વખત સમગ્ર પરિવાર માતાજીને મસ્તક નમાવવા અંબાજી આવે છે.

અંબાજી મંદિર ગુજરાત અને દેશનું પ્રથમ એવું શક્તિપીઠ છે કે જેનું નિજ મંદિર સંપૂર્ણ સુવર્ણમય બનવા જઈ રહ્યું છે. હાલમાં ૫૦ ટકાથી વધુ ભાગ સુવર્ણમય બની ગયો છે. અંબાજીના મંદિર પર ૩૫૮ સોનાના કળશ વિદ્યમાન છે. અંબાજી મંદિર ૫૨ શક્તિપીઠ પૈકીનું આદ્યશક્તિ પીઠ તરીકે ઓળખાય છે. જ્યાં માતાજીના વિશા યંત્રની પૂજા થાય છે.

# સેક્ટરોમાં મચ્છરોનો ઉપદ્રવ

શહેરમાં છેલ્લા એક મહીનાથી વરસાદના હળવા-ભારે ઝાપટાં વરસતા સેક્ટરોમાં વરસાદી પાણીનો ભરાવો થયેલો જોવા મળે છે. કેટલાક સેક્ટરોમાં હળવા વરસાદી ઝાપટાના અંતે પણ વરસાદી પાણી ઉભરાતા સ્થાનિક રહીશો તોબા પોકારી ગયા છે. આવા સંજોગોમાં સફાઈ વ્યવસ્થાના અભાવે સેક્ટરોમાં ખદબદતી ગંદકી વચ્ચે વરસાદી પાણી ભરાતા મચ્છર ઉત્પતિના નવા સ્થાનો અસ્તિત્વમાં આવ્યા છે. સતત વરસાદી પાણી ભરાયેલા રહેતા મચ્છરોનો ઉપદ્રવ પણ વધી ગયો છે. જેના લીધે શહેરમાં રોગચાળાએ માથુ ઉંચક્યું છે. મચ્છર ઉત્પત્તિ સ્થાનો ડામવા તંત્રએ વધુ સતર્ક થવાની અનિવાર્યતા ઉભી થઈ છે. મચ્છરોના ઉપદ્ભવથી રોગચાળો જોર પકડે તેવી દહેશત છે.











